# વિનિયોગ સમાચાર

મહા વદ ૧ વિ.સં.૨૦૭૦-તા.૧૫-૦૨-૨૦૧૪ - વર્ષ ૧૨ : અંક: ૪ - વાર્ષિક લવાજમ રૂ.૧૦૧/-, છૂટક નકલ રૂ.૪.૫૦/-

## સત્યની દિશામાં

વિશ્વવત્સલ મહાસંત મહાપુરુષોએ એવી વ્યવસ્થા કરી છે કે જેથી માનવજગતમાં સદા શાંતિ રહે અને તે જળવાઈ રહે, કે જેથી સર્વ પ્રકારના માનવો જીવંત રહી દીર્ઘકાળ તક આ જગત ઉપર ટકી શકે. એ શાંતિએ સર્વ માનવોને પોતપોતાના દેશોમાં - સમાજોમાં - ધર્મોમાં - જાતિઓમાં, ધંધાઓમાં ચામડીના રંગમાં ટકાવી રાખ્યા છે.

હજાર વર્ષ દરમિયાન ભારતની બહાર ધાર્મિક મુદ્દા ઉપર પોતાના સારા ધર્મનો બીજાઓને લાભ અપાવવાના ઉદ્દેશથી હિલચાલો શરૂ થઈ, પરંતુ તેણે અજાણતાં મહાસંતોએ સ્થાપેલી ચાલી આવતી મહાશાંતિને ક્ષતિ પહોંચાડી. તે સર્વ વ્યવસ્થા એ માનવોના લક્ષ્યમાં રહી શકી નહીં. ૫૦૦ વર્ષ ઇસ્લામ પ્રજાની હિલચાલના ગયા, તેનો ચેપ ખ્રિસ્તી પ્રજાને ૫૦૦ વર્ષથી લાગ્યો છે.

ઇસ્લામ પ્રજાનો આદર્શ માત્ર એટલો જ હતો કે "જગતની સમગ્ર માનવજાતને ઇસ્લામ ધર્મની પાક છાયા નીચે લાવવી." બસ. ત્યારે ખ્રિસ્તી પ્રજાએ એનાથી આગળ વધીને પોતાનો આદર્શ વધુ બહોળો રાખ્યો, અને તે એ જણાઈ આવે છે, કે "આખા જગતની સમગ્ર માનવજાત શ્વેત રંગની જ હોવી જોઈએ. છેવટે મેક-અપ કરીને, કે ઈંજેક્શનોથી હબસી જેવી પ્રજાને પણ શ્વેત બનાવવાના પ્રયોગથી શ્વેત બનાવીને પણ. એટલે છેવટે જગતભરમાં શ્વેત રંગ સિવાયની કોઈ પણ માનવજાત કોઈ પણ ઠેકાણે કયાંય ન હોય. મેક-અપ તથા ઈંજેક્શનો ઉપરાંત પણ શ્વેત પ્રજાની વસતિનો અનેક પ્રયોગથી વધારો થાય, વસતિ વધ્યે જ જાય તથા શ્વેત સિવાયની રંગીન પ્રજાઓની વસતિમાં ઘટાડો થતો જાય.

તે માટે સંતતિ નિયમન, નિરોધનો ઉપયોગ, ગર્ભપાત કાયદેસર, નિરોધના ભવિષ્યમાં વ્યાપક ફેલાવા માટેમોટાં મોટા કારખાનાં સ્થાપવાનો પ્રારંભ, આમ એક તરફ રંગીન પ્રજાની વસતિ ઘટાડવાની, અને બીજી તરફ શ્વેત પ્રજા વધારવાની, એમ બન્નેય પ્રક્રિયાઓ ગતિમાં મુકાઈ ગઈ છે.

આ આદર્શ લક્ષ્યમાં રાખીને ૧૪૫૩ અને ૧૪૯૨ પછી શ્વેત પ્રજા આખા જગતમાં ફેલાઈ જવા માટે તૈયાર થઈ ગઈ અને જગતભરમાં ફરી વળી. અનેક કષ્ટો સહન કરવા સાથે દુનિયાનાં વિકટમાં વિકટ સ્થાનો અને સ્થળોમાં પોતાના સ્થાયી વસવાટ માટેના પાયા નાખ્યા. પરંતુ એમ એકાએક કરવું જ્યાં શકય નહોતું, ત્યાં પ્રવેશ કરી સ્થાનિક દેશ તથા પ્રજાના જીવનનો અભ્યાસ કરી જ્યાં જેવી સ્થિતિ ત્યાં તેવી રીતે કામ લઈ પગપેસારો કર્યો.

ભારતમાં ભારતીય આર્ય હિન્દુ પ્રજાના મહાપુરુષોએ ચાર પુરુષાર્થની મહાસંસ્કૃતિથી પ્રજાને સન્નદ્ધ કરી હતી. તેથી ત્યાં એકાએક શ્વેત પ્રજા વતની બનીને અમેરિકા તથા ઑસ્ટ્રેલિયા વિગેરેની જેમ વસવાટ કરી શકે તેવી સ્થિતિ થઈ નહોતી.

આથી ભવિષ્યમાં વસવાટ કરી શકાય તેવી પરિસ્થિતિના સર્જન માટે જુદા જુદા વખતે જુદા જુદા હપ્તાવાર - (પિરિયડવાર) કાર્યક્રમો અમલમાં મૂકીને પાશ્ચાત્ય શ્વેત પ્રજાનું સંપૂર્ણ સ્વરાજ્ય સ્થાપી શકાય અને ખ્રિસ્તી ધર્મ એક જ વ્યાપક બની શકે, તે જાતના આદર્શને લક્ષ્યમાં રાખીને એ દિશામાં ક્રમસર સફળતાઓ પ્રાપ્ત કરવા માંડયાનો કડીબદ્ધ કેટલોક ઇતિહાસ જાણી, સમજી શકાય તેમ છે.

ભારતની સદા સુરક્ષિત જગત હિતસ્વી પ્રજાને તેના સુરક્ષિત સાંસ્કૃતિક કિલ્લામાંથી બહાર કાઢી પરિવર્તનના માર્ગે ચડાવવાની આખરે તેઓ જરૂર માનતા હતા. તેથી દેશના નવસર્જન સાથે પ્રજાના રક્ષક તત્ત્વોનું વિસર્જન થતું જાય તે પ્રમાણે અનેક પ્રયાસો કરતા રહ્યા. તેને માટે પ્રથમ ગોવાનું રાજ્યતંત્ર હાથ કરવાના પ્રયાસો થયા. જેમાં પછી મોગલાઈ, મરાઠાઈ, પેશ્વાઈ, કંપની સરકાર, રાણીના ઢંઢેરાની સરકાર, સ્વરાજ્યની સરકાર વિગેરેનાં સર્જન અને સંચાલન પડદા પાછળ રહી પાશ્ચાત્ય મજબૂત હાથના દોરીસંચારથી આગળ વધતા રહ્યા. એ જ પ્રમાણે પોતાનું અર્થતંત્ર વ્યાપારને વિકસાવવાને બહાને દુનિયાભરમાં લાગુ કર્યું. તેના એક ભાગ તરીકે ભારતને પણ લાગુ કરવામાં આવ્યું. એ જ પ્રમાણે સામાજિક સુધારાવધારાને નામે પરિવર્તનને - નામે તથા ધર્મક્ષેત્રમાં પણ ફેરફાર કરાવાતા રહ્યા. ધર્મક્ષેત્રમાં તો પરિવર્તનના પાયા પહેલાંથી જ નખાયા હતા, હવે તે મોટા પાયા ઉપર વિકસાવાય છે.

આ દિશામાં આવતી કાલને માટે જગત ઉપર શ્વેત પ્રજા કઈ કઈ બાબતોમાં શું શું કરી રહી છે ? તે સમજવું આજે ખૂબ જરૂરી છે. હવે પાછળની બાબતોના પિંજણમાંથી નીકળી જવાની જરૂર છે. આ આજે રંગીન પ્રજાઓ માટે લક્ષ્યમાં લેવા જેવો મહત્ત્વનો મુદ્દો જણાઈ આવે તેમ છે.

આજે એ લક્ષ્યથી ભારતીય પ્રજાના ધર્મ, અર્થ (ધંધા અને રાજ્ય) તથા કામ (સામાજિક - કૌટુંબિક અને વ્યક્તિગત) સુજીવન તથા મોક્ષ એ ચારેયમાં પલટા લવાઈ રહેલા છે.

# વિનિયોગ સમાચાર

આ પલટાની કેટલીક મૂળભૂત બાબતો ખાસ સમજવા માટે જરૂરી છે.

૧. ભારત દેશ હિન્દુ પ્રજાના તાબામાં હતો, તેનાથી તેને છૂટો પાડી પાશ્ચાત્ય શ્વેત પ્રજાને પરતંત્ર બનાવવાનો હતો. તે બનાવાયો છે. ભારત દેશમાં રંગીન પ્રજા સ્વતંત્ર હતી, તેને પરતંત્ર બનાવવાની હતી. તે બનાવાઇ છે. શ્વેત પ્રજાની સ્વતંત્રતા પાકે પાયે સ્થિર કરાઈ છે. આજના સ્વરાજ્યનો વાસ્તવિક અર્થ આ છે. શરૂઆતમાં પ્રજાના વતી શિક્ષિત બનાવાયેલા ભારતવાસીઓ હાલમાં એ ચલાવે છે.

૨. હિન્દુ પ્રજાની પકડમાંથી ભારત દેશ મુક્ત થયો છે, શ્વેત પ્રજાની પકડમાં પરોક્ષ રીતે ગોઠવાતો ગયો છે. આ આજની દેશની સ્વતંત્રતાનો અર્થ છે. સ્વરાજ્ય આવ્યા પહેલાં ભારતીયો વતી બ્રિટિશો રાજ્ય વિગેરે ચલાવતા હતા એવો બાહ્ય અર્થ હતો.

૩. તે માટે દેશની ઉન્નતિ આગળ વધતી જાય છે ત્યારે સ્થાનિક રંગીન પ્રજાની અનેકવિધ અવનતિ મોટા પાયા ઉપર વેગ પકડતી જાય છે. દેશની ઉન્નતિને ભ્રમથી પ્રજાની ઉન્નતિ માની લેવાની રૂઢિ પ્રજામાં દાખલ કરવામાં આવી છે.

૪. દેશની નવી ઉન્નતિમાં પ્રજાની પણ ઉન્નતિ, તે કઈ પ્રજાની ઉન્નતિ? તે શ્વેત પ્રજાની ઉન્નતિ એવો અર્થ છે. અવનતિ, તો કઈ પ્રજાની? સ્થાનિક હિન્દુ, મુસલમાન તથા ચીન વિગેરે રંગીન પ્રજાની અવનતિ એવો અર્થ છે.

૫. સંસ્કૃતિ અને પ્રગતિ –

પાશ્ચાત્ય પ્રજા ભારતીય સંસ્કૃતિથી સજ-ધજ થાય અને ભારતીય પ્રજા તેથી દૂર દૂર ધકેલાતી જાય, એટલું જ નહીં, પરંતુ તે કામચલાઉ રીતે ભૌતિક પ્રગતિને માર્ગે ચડીને આખરે ઉભય રીતે ભ્રષ્ટ સ્થિતિમાં મુકાતી જાય છે. દુનિયાભરની રંગીન પ્રજાઓ માટે પણ આ સમજવાનું છે.

૬. પાશ્ચાત્ય શ્વેત પ્રજાનાં હિતની દેશની ઉન્નતિ કરનાર – કરાવનાર દેશનેતા વર્ગને આગળ લાવવાની તકેદારી હોય છે, અને પ્રજાના હિતોના રક્ષક પ્રજાનેતા વર્ગને જાહેર જીવનમાંથી દૂર કરાતા જવા, પ્રજાના હિતની સંસ્થાઓ તથા તેના પ્રજા હિતસ્વી આગેવાનોને પણ નિષ્ક્રિય અને દૂર રખાતા જવાની ગોઠવણ ગોઠવાઈ છે.

૭. સંતશાસનને બદલે લોકશાસનને આગળ લાવવાને બહાને સંતશાસનને દૂર કરાતું જવાનું-નિષ્ક્રિય કરતા જવાનું ચાલે છે.

૮. ધર્મની સામે ભૌતિક વિજ્ઞાનને ગોઠવવામાં આવેલું છે. ધર્મોને દૂર કરાતું રહે છે.

૯. કોમવાદ નાબૂદી અને સંપ્રદાયવાદ નાબૂદીના નામે થતા પ્રચારમાં એકતા અને ઐક્યને નામે પ્રજાઓના તથા ધર્મોનાં આંતરિક સંગઠનોની છિન્નભિન્નતાના સર્જનને વેગ અપાઈ શકે છે.

૧૦. શબ્દોની પરિભાષાઓ જ બદલાવી નાખવામાં આવતી રહી છે. બહુમત મળે તે ધર્મ, લઘુમત મળે તે સંપ્રદાય. પાશ્ચાત્ય શ્વેત પ્રજાના સર્વાધિકારની સંપૂર્ણ પ્રત્યક્ષ સ્થિતિ, તેનું નામ સંપૂર્ણ સ્વરાજ્ય. મહાસંતોની સ્થાપેલી અદ્દલ ન્યાયના પાયા ઉપરની રાજ્યનીતિનું પાલન – એ જુલમ, સામંતશાહી વિગેરે.

૧૧. એકતા – ઐક્ય – અભેદ કરવા ભેદોનું દૂરીકરણ, તેનું છેવટ રંગભેદ પણ નહીં.

૧૨. રૂઢિચુસ્ત – જૂની પેઢી, પ્રાગતિક નવી પેઢી, ઈત્યાદિ દ્વન્દ્વો ગોઠવાયેલાં છે. શિક્ષિત – અશિક્ષિત વિગેરે વિગેરે વિગેરે.

સમજવાનું એ છે કે –

જેમ દેશમાં જે નવસર્જન થઈ રહ્યું છે તે ભવિષ્યમાં આવનારી શ્વેત પ્રજાને માટે છે. જેને માટેનો પાયો પાંચ પાંચ વર્ષીય આયોજનોનો બ્રિટિશો નાંખતા ગયા છે, અને અમેરિકા તેને પડદા પાછળ રહી વિકસાવે છે.

દેશના વ્યાપારનો વિકાસ થયો છે ને થાય છે, સાથે જ પ્રજાનો વેપાર પ્રજાના હાથમાંથી જતો ગયો છે, જે થોડો ઘણો છે તે પણ જતો જાય છે. થોડાક લોકો પતંગિયાંના ચળકાટની માફક ચમકીને શાંત પડવાના હોય છે. દુનિયાભરનો વેપાર ખરા અર્થમાં તે પ્રજાના હાથમાં છે.

એ જ પ્રમાણે ખેતી તથા ખેતીની જમીનો દેશીઓના હાથમાંથી જવાની સ્થિતિમાં મુકાતી જાય છે અને થોડાક જ દશકાઓમાં રશિયનો તથા અમેરિકનો વિગેરે એ ક્ષેત્રમાં મોટા પ્રમાણમાં પ્રવેશ કરી ચૂકેલા સાક્ષાત જોવામાં આવશે.

રાજ્યસત્તા અને આર્થિક સત્તા કંપનીના વખતમાં હાથ પર લેવાયા બાદ સ્વરાજ્યનો પાયો નાખવા માટે રાણીના ઢંઢેરાની સરકાર સ્થાપવામાં આવી – સંત મહાજન સંસ્થાની સામે કૉંગ્રેસની સંસ્થા સ્થાપવામાં આવી.

૧૮૫૭માં યુનિવર્સિટીઓ સ્થાપી તેમાં દેશીઓને ભણાવી, તે વર્ગને સંસ્થાના સભ્યો બનાવરાવી, સંસ્કૃતિના જીવનના જ્ઞાન – અનુભવ – તાલીમથી રહિત તૈયાર કરાયેલા પ્રજાજનો પાસે ભવિષ્યના સ્વરાજ્યની તૈયારી કરાવાઈ.

(ક્રમશઃ)

– સ્વ. પં. પ્રભુદાસ બેચરદાસ પારેખ

## પ્લાન્ટ જોઈએ છે કે અનાજ? જમીન સમગ્ર સમાજની છે

જમીન અને મકાન તેમ જ મિલકતોને લગતા કાનૂની વિવાદ દિવસે ને દિવસે વધી રહ્યાં છે. બોમ્બે હાઈ કોર્ટમાં ૭૦ ટકા કેસ પ્રોપર્ટીને લગતાં છે. ઉપરથી નીચે સુધી કોઈ વિચારતું નથી કે આવું બને છે તે અટકાવવા શું કરવું જોઈએ. ખરેખર આવી બાબત અનેક ગૂંચવાડા ઊભા કરે છે. મૂડીવાદી અર્થવ્યવસ્થામાં જમીનનો માલિકી હક્ક સ્થાપિત થયો, પરંતુ તત્ત્વાર્થ એ છે કે જમીન કુદરતનું સર્જન છે તેનું ખરીદી કે વેચાણ હોઈ શકે નહીં. છતાં અપવાદરૂપ રાષ્ટ્ર સિવાય જમીનનું વેચાણ ખુદ સરકારી વિભાગ દ્વારા થાય છે. કાનૂની પ્રશ્ન એ છે કે રાજ્યને જમીન વેચાણનો અધિકાર કોણે આપ્યો છે? ક્યા આધારે તેઓ જમીન વેચી રહ્યા છે? જંગલ ખાતાની જમીનનું વેચાણ થઈ રહ્યું છે, સુધરાઈ અને મહાપાલિકા પોતાના પ્લોટના વેચાણ કરે છે અને તે સિવાય પણ અનેક એજન્સી દ્વારા જમીનના વેચાણની કાર્યવાહી થાય છે. મુંબઈ મહાપાલિકા સહિતની સંસ્થા જમીન વેચી રહી છે, પરંતુ પ્રશ્ન કાનૂની અધિકારનો છે. જેનો સંતોષકારક જવાબ અપાતો જ નથી. અદાલતો તેમને અધિકાર જ નથી તેવા કેસને વર્ષો સુધી સાંભળે છે. આવી પરિસ્થિતિ જમીનના મામલામાં છે. જમીન અમૂલ્ય છે. જમીન પર જ ખાવાપીવાની ચીજો થાય છે. નમક પણ જમીન પર પાકે છે. જમીનની માલિકીની કલ્પના કરવી તે શેતાનનો વિચાર છે તેમ વિનોબા ભાવેએ જણાવ્યું હતું. તેવી જ રીતે ટોલ્સટોય દ્વારા વર્ષો પહેલાં લખેલા પુસ્તકમાં જણાવ્યું હતું કે જમીનની માલિકી ખતમ થવી જોઈએ. આવો વિચાર સામ્યવાદનો હોય તો પણ આજે તેના પર વિચારણા કરવાની જરૂર છે. ઓરિસ્સામાં પોસ્કો સ્ટીલ પ્લાન્ટને મંજૂર કરીને વર્તમાન કેન્દ્ર સરકારે પોતાની તમામ સમસ્યા હવે પછી આવનારા શાસકો પર ઢોળી દીધી છે. આ સ્ટીલ પ્લાન્ટને કારણે ઝાડ – વૃક્ષ – વનરાજી – વનસ્પતિને અનહદ નુકસાન થશે અને હજારો ખેડૂતો જે અનાજ પકવતા હતા તેઓ બેહાલ થઈ જશે તેની કાળજી લેવામાં આવી નથી. દેશને સ્ટીલની જરૂર છે કે પછી અનાજની? દોઢસો – બસો વર્ષ અગાઉ ભારતવર્ષમાં ગામની જમીન ગામની હતી. આ જમીન પર બધો જ વર્ગ ખેતી કરતો હતો તે વખતે નાણાકીય વ્યવહાર ઓછો હતો અને વિનિમય પ્રથાને આધારે ચીજવસ્તુઓની લેતીદેતી થતી હતી. તે વખતે મોંઘવારી – ફુગાવો અને ભાવ-વધારા જેવા શબ્દો જ પ્રચલિત નહોતા. દરેક વ્યક્તિ જમીન પાસેથી પોતાનું ઉત્પાદન મેળવી લેતી હતી. માત્ર બોમ્બે હાઈ કોર્ટમાં સંપત્તિ – જમીન – મકાન – દુકાન – ઓફિસના કેસ પડતર છે તેવું નથી, પરંતુ દેશભરની અન્ય અદાલતમાં પણ તેવું જ છે. મુદતો પડે છે અને ન્યાયમૂર્તિઓની બદલી થતી રહે છે. આવી પરિસ્થિતિ ઠેર ઠેર છે. હજુ સુધી કોઈ કાનૂનમંત્રી આવી બાબતમાં કંઈ જ કરી શક્યા નથી. સમાજશાસ્ત્રીઓ માટે પણ તે મુદ્દો એક પડકાર છે, પરંતુ નક્કર ઉપાય સૂચવવાની જરૂર છે. જમીન સુધારણા અને જમીન માટે જે કાયદા થયા તેનાથી વધુમાં વધુ વિવાદ થાય છે. જ્યાં તાળાચાવી વધે છે ત્યાં ચોરીનું પ્રમાણ વધે છે! આવી વાત હાસ્યાસ્પદ લાગે છે છતાં વાસ્તવિકતા છે. જમીનની બાબતમાં અનેક પ્રકારના કાયદા થવા છતાં નકસલવાદ અને માઓવાદ પ્રવર્તમાન છે. એટલે પાયાથી જ કંઈક ખોટું થઈ રહ્યું છે. છત્તીસગઢ, ઝારખંડ અને ઓરિસ્સામાં જે રીતે ઘટના બની રહી છે તે જોતાં એમ લાગે છે કે દર્દ કરતાં દવા વધુ ખતરનાક બની રહી છે. આ તમામ સમસ્યાના મૂળમાં જમીન – આદિવાસી અને તેમના રોજગાર છે. જંગલમાં રહેતા આદિવાસીને માટે રોજગારનું એકમાત્ર સાધન જમીન અને જંગલ છે. તેને પડાવી લેવાનો પ્રયાસ થાય તેનો પ્રત્યાઘાત હિંસક સ્વરૂપે પ્રગટ થાય છે.

આદિવાસીઓ કોઈ વેપાર કરતા નથી. જંગલો દ્વારા ઉત્પાદન મેળવીને તેનો ઉપયોગ કરે છે. તેમને કોઈ વિશ્વ બેન્કની લોનની જરૂર પડતી નથી. છતાં તેમના માટે જાતજાતના અખતરા કરીને તેમની આર્થિક સામાજિક વ્યવસ્થા સાથે છેડછાડ કરવામાં આવી રહી છે. પરિણામે દરેક વ્યક્તિ દુઃખી થઈ રહી છે. સુરક્ષાકર્મી દ્વારા આવા પ્રશ્ન કદી ઉકેલાવાના નથી. સર્વિસ ઈન્ડસ્ટ્રીઝ અને ઉદ્યોગો વિકસાવીને જમીન પરનું દબાણ ઓછું કર્યાનો દાવો કરવામાં આવે છે, પરંતુ જમીનથી દૂર જવાથી જે ખાધાખોરાકી મેળવી લેવામાં આવતી હતી તેનાથી હવે બીજા પર નિર્ભરતા વધી જવાને કારણે આર્થિક બોજ વધી રહ્યો છે. જેટલી બીજી વ્યક્તિની મહેનત તેમાં ઉમેરાય છે તેટલો બોજ વધે છે. આ સમીકરણ કોઈને જલદીથી સમજાય તેવું નથી. જમીન પરનો માલિકી હક્ક માત્ર સમાજનો છે કોઈ વ્યક્તિનો નથી. આજે સંપત્તિમાં વધારો કરવા જે હરીફાઈ જામી છે તે અટકાવવાની જરૂર છે. ઈર્ષ્યા, અદેખાઈ, લોભ, છેતરપિંડી, પડાવી લેવાની મનોવૃત્તિ, સંગ્રહવૃત્તિ આવા તમામ નકારાત્મક પાસા સમાજમાં જોવા મળે છે અને તેમા વધારો થઈ રહ્યો છે. આ ભયસ્થાન સામે સમાજને ઢંઢોળવાની જરૂર છે.

(સાભાર : મુંબઈ સમાચાર, તંત્રી લેખ, તા.૧૩-૦૧-૨૦૧૪)

## જમીનના તે માલિક થવાય ?

એકાંગી નીતિ ન ચાલે

આજકાલ સમાજમાં કોઈ ગજબ પ્રકારનો ન્યાય ચાલે છે. નાની-નાની ચોરી કરનારને ચોર કહે છે અને મોટી ચોરી કરનારને, સંગ્રહ કરનારને પ્રતિષ્ઠા અપાય છે! જ્યાં તાળાં-ચાવી વધે છે ત્યાં ચોરી વધે છે. અમેરિકાના પ્રથમ રાષ્ટ્રપતિ જ્યોર્જ વૉશિંગ્ટને એક વાક્ય લખ્યું છે : ફેન્સ ઈઝ એ ટેમ્પટેશન ટુ જમ્પ. વાડ એ કૂદવા માટેનું પ્રલોભન છે. જો આપણે ઇચ્છતા હોઈએ કે સમાજમાં ચોરીઓ ન થાય, તો સમાજની શુદ્ધિ થવી જોઈએ. તે માટે જમીનની વહેંચણી કરવી અને સહુને કામ આપવાનો માર્ગ લેવો પડશે. ગ્રામોદ્યોગ વિના સહુને કામ આપવું અસંભવ છે.

સંગ્રહ કરવો પાપ છે. શરીરશ્રમ ટાળવો એ પણ પાપ છે. આ વિચાર રૂઢ થવો જોઈએ. જેઓ પોતાના પરસેવાની રોટી ખાય છે તેવા ખેડૂતો અને શ્રમિકો સિવાયના આપણે બધાં લૂંટારા જ છીએ. તેથી સહુએ એવું વ્રત લેવું જોઈએ કે કંઈક ને કંઈક ઉત્પાદક શ્રમ વિના ભોજન નહીં લઈએ.

આજે આપણા સમાજમાં પરિગ્રહને, સંગ્રહને કાયદાકીય માન્યતા પ્રાપ્ત છે, પણ ચોરીને નહીં. એ એકાંગી નીતિ છે. આ નીતિશાસ્ત્ર બદલાવું જોઈએ. આ જે એકાંગી નીતિ આપણે બનાવી છે તેનાથી સમાજ સુખી નથી.

હું લોભી છું, સંગ્રહ કરું છું, તેનું પરિણામ એ આવે છે કે સમાજમાં સામે પ્રતિલોભ પેદા થાય છે. ચોર તો નિમિત્ત માત્ર છે. મારા મનમાં જે લોભ છે તે મને નાહકનો સંગ્રહ કરવા પ્રેરે છે, તે ચોરને રૂપે બહાર દેખાય છે. આ વાત હું નથી સમજતો અને ઊલટાનું ચોરને મારો વિરોધી માનું છું. વાસ્તવમાં તો એ ચોરને મેં જ પેદા કર્યો છે. જો હું મારા લોભને નિર્બળ બનાવી દઉં તો એ ચોરના રૂપે બહાર નહીં ઊભો થાય. તેને બદલે હું તો ચોરને માટે બંદોબસ્ત કરવાની યોજના કરું છું : પોલીસ, ન્યાયાલય, જેલ! પરંતુ પોતાના લોભમાંથી નિવૃત્ત થવાની કોઈ યોજના નથી કરતો. જો લોભ કાયમ રહેશે તો પોલીસ અને જેલ હોવા છતાંય ચોર કાયમ રહેશે.

આમ સમાજમાંથી ચોરીને દૂર કરવાનો માર્ગ જેલ નથી. જો ચોરી ન થાય તેવું ઇચ્છતા હો તો સંગ્રહ પણ ન થવો જોઈએ. સંપત્તિનું સમવિભાજન થવું જોઈએ.

માલિકી ઈશ્વરદ્રોહ

હું માનું છું કે જમીનની માલિકીની કલ્પના શૈતાની કલ્પના છે. તમામ ધર્મશાસ્ત્રોની વિરુદ્ધ એક કલ્પના છે. લોકો અજાણ છે, પણ તે ઈશ્વરની યોજનાની વિરુદ્ધ છે. ઈશ્વરે આ જે સૃષ્ટિનું નિર્માણ કર્યું છે તેનો માલિક ઈશ્વર જ હોઈ શકે, પરંતુ આપણે તો જમીનની માલિકી બનાવી, દેશની માલિકી બનાવી.

આ જે નાનીમોટી માલિકી બનાવવી તે ઈશ્વરનો દ્રોહ છે. વિજ્ઞાનના જમાનામાં આ વિચાર ટકશે નહીં. જેવી રીતે આજે તામિલનાડુનો નાગરિક ભારતનો નાગરિક છે, તે ભારતમાં ગમે ત્યાં આવન-જાવન કરી શકે છે, કામ કરી શકે છે, તેવી રીતે આગળ જતાં એક દેશનો નાગરિક દુનિયાભરનો નાગરિક બનશે. દુનિયાભરમાં જઈને ગમે ત્યાં કામ કરી શકશે. ભૂદાન-યજ્ઞનો વિચાર આવો વ્યાપક છે.

ટોલ્સ્ટોયે વર્ષો પહેલાં એક પુસ્તક લખેલું. તેમાં લખ્યું હતું કે ‘જમીનની માલિકી ખતમ થવી જોઈએ.’ તે વર્ષમાં જ મારો જન્મ થયો હતો. હું એમ માનું છું કે કદાચ તેઓએ એમ લખીને પોતાની ઇચ્છા મારામાં ભરી લીધી છે.

જમીન અમૂલ્ય

આમ જોઈએ તો જમીન અને સંપત્તિમાં આપણે વિશેષ ફરક નથી કરતા, પરંતુ સહુ કોઈ સમજી શકે છે કે સંપત્તિની જે કિંમત છે તે કાલ્પનિક છે. બધા લોકો ભેગા મળીને એની કિંમત નક્કી કરે છે. જ્યારે જમીનની કિંમત તો અસલી છે. માની લો કે લોકો એમ નક્કી કરે કે કોઈ આપણને સોનું કે સંપત્તિ આપે તોપણ તેના બદલામાં આપણે ઘી-દૂધ-શાક વગેરે નહીં દઈએ તો આજે માની લીધેલી રૂપિયાની કિંમત ઘટી જશે. જ્યારે જમીનની હાલત તેવી નથી. જમીનનું જે મૂલ્ય છે તે સ્વતંત્ર છે. એટલે કે હવા, પાણી, પ્રકાશની શ્રેણીમાં જમીન આવે છે.

માનો કે જમીનના એક ટુકડાની કિંમત કોઈ ૫૦૦૦ રૂપિયા ગણે છે. હવે આ પાંચ હજારનો ઢગલો કરો અને તેના પર ચાર માસ સુધી પાણીનો વરસાદ કરો. પછી જુઓ, તેમાંથી કેટલું પાકે છે? જમીનની કિંમત પૈસાથી નહીં અંકાય. જમીન અણમોલ છે, પણ બજારવાળાએ તેની કિંમત આંકી! માતાની કદી કિંમત થાય? જમીન તો આપણી માતા છે. એ પરમેશ્વરની અમૂલ્ય વસ્તુ છે.

જમીન માતા છે. સહુને પોષે છે. તે પોષનારું સાધન છે. પૈસાનું સાધન તો ઉદ્યોગ હોવા જોઈએ, પરંતુ આજે તો તમે જમીનને જ પૈસાનું સાધન બનાવી બેઠા છો. તેથી પૈસાવાળાએ ગરીબોના હાથમાંથી જમીન છીનવી લીધી છે. ઇસ્ટ ઇન્ડિયાના કાળમાં બંગાળમાં લગભગ બધાં ગામોમાં શાળા ચાલતી હતી. દરેક ગામમાં ગ્રામપંચાયતો હતી. તે ગામનો બધો કારોબાર કરતી હતી. ગામ તરફથી પંચાયતને સારી આવક થતી, કારણકે ગામમાં અનેક ઉદ્યોગો સારી રીતે ચાલતા હતા. વખત જતાં એ બધા ખતમ થયા. ગ્રામપંચાયતોની આવક ગઈ. તે ભાંગી પડી. જોતજોતાંમાં ગામડાં પણ ભાંગી પડ્યાં, નિરક્ષર થયાં. જે લોકો થોડું ભણેલા હતા તે શહેર તરફ ગયા. ગામડાં શિક્ષણહીન, જ્ઞાનહીન, સંપત્તિહીન થઈ ગયાં. પરિણામ એ આવ્યું કે પ્રતિદિન ગામડાની હાલત કથળતી રહી. હાલત દુ:ખદાયક બની. ગ્રામજનો પાસે જમીન સિવાયનો કોઈ આધાર ન રહ્યો. વળી, જમીનની હાલત પણ કફોડી થઈ. પહેલાં ગરીબ લોકો ખેતી કરતા હતા અને

# વિનિયોગ સમાચાર

ગ્રામોદ્યોગો પણ કરતા, ગ્રામોદ્યોગો ભાંગ્યા પછી ખેતી પર જ સઘળો બોજ આવ્યો. હવે નાના ખેડૂતો દેવાદાર બન્યા અને ધીરે ધીરે શાહુકાર પાસે જમીન ચાલી ગઈ. થોડા લોકો પાસે હજાર એકર જમીન, બીજા થોડા લોકો પાસે થોડી જમીન રહી, પણ મોટી સંખ્યામાં લોકો ભૂમિહીન બન્યા. એવી કફોડી હાલત થઈ.

અંગ્રેજરાજ આવ્યા પછી અહીંની પુરાણી સભ્યતા તૂટી ગઈ અને પૈસાનું રાજ આવ્યું. અંગ્રેજોએ અહીં સર્વે કર્યો. ગામોગામનું નિરીક્ષણ કર્યું કે અહીંના કાચા માલનો લાભ ઉઠાવીને ઇંગ્લૅન્ડનો વેપાર શી રીતે વધારી શકાય. પરિણામ સ્વરૂપ ભારતનું શોષણ થયું, સભ્યતા પડી ભાંગી. અહીંનું ગ્રામ-જીવન અસ્ત-વ્યસ્ત થઈ ગયું. જમીન શાહુકાર પાસે ગઈ. તેમણે ઉત્તમ જમીનમાં રોકડિયા પાકની વ્યાપારી ખેતી શરૂ કરી. ધારવાડની સારી જમીનમાં તમાકુ, આંધ્રની કૃષ્ણા-ગોદાવરીના મેદાનમાં તમાકુ, ગંગા પ્રદેશ-મુઝફ્ફરપુર જિલ્લાની સારી જમીન પર પણ તમાકુ, ગુજરાતની ખેડાની જમીન પર પણ તમાકુ વગેરે.

માલિકી છૂટે તો ?

આજના સમાજમાં વ્યક્તિગત માલિકી માન્ય થયેલી છે. આપણી સરકાર, કાયદા અને બંધારણ એ બધાં એ જ આધાર પર ઊભાં છે, પરંતુ અમે લોકો એ વિચારને સમૂળો બદલવા ઇચ્છીએ છીએ. અમે એવી રાજનીતિને બદલવા ઇચ્છીએ છીએ. તે ત્યાં સુધી કે 'રાજનીતિ' શબ્દને બદલે અમે 'લોકનીતિ'ની સ્થાપના કરવા ઇચ્છીએ છીએ.

જ્યારે હું માલિકી છોડવાની વાત કરું છું ત્યારે અનેક આક્ષેપો થાય છે. ઉત્પાદન ઘટશે તેવા આર્થિક આક્ષેપો થાય છે, પણ એમાં કાંઈ સાર નથી. વિજ્ઞાનના જમાનામાં અરસપરસનો સહયોગ વધશે તેટલું ઉત્પાદન વધશે. માલિકી જશે તો વ્યક્તિનું મહત્ત્વ ઘટશે તેમ પણ કહેવાય છે. તે આક્ષેપ અંગે પણ વિચારવું જોઈએ. જો બળજબરીથી માલિકી હટાવવામાં આવે તો વ્યક્તિનું મહત્ત્વ જરૂર ઘટે, પરંતુ માણસ જ્યારે સ્વેચ્છાથી, તેના વિશે સમજી-વિચારીને પ્રેમથી માલિકી છોડે છે તો તેનાથી તો ઉન્નતિ થશે. જો છાતી પર પૈસાની કોથળી બાંધીશું તો વ્યક્તિનું મહત્ત્વ ઘટશે અને પૈસાનું વધશે. આજે દુનિયામાં એ જ થઈ રહ્યું છે. પૈસાનું અને બીજી વસ્તુનું મહત્ત્વ વધ્યું છે અને માણસનું મહત્ત્વ એકદમ ઘટી રહ્યું છે.

સમાજશાસ્ત્રીઓએ વ્યક્તિના વિરોધમાં સમાજ અને સમાજના વિરોધમાં વ્યક્તિનો નાહકનો ઝઘડો પેદા કર્યો છે. અનેક વ્યક્તિ મળીને સમાજ બને છે. બધી વ્યક્તિને અલગ કરી દઈએ તો સમુદાય જ નહીં રહે. સમાજથી અળગી પડેલી વ્યક્તિ સુકાઈ જશે. જેમ ઝાડની ડાળી ઝાડ સાથે જોડાયેલી છે, તેનું અંગ બની છે, તો તેમાં તાજગી છે. તેને કાપી નાખીશું તો તે સુકાઈ જશે. તેથી વ્યક્તિ અને સમાજનો ઝઘડો વ્યર્થ છે. કેટલાક કહે છે કે રોમન કેથોલિક લોકો વ્યક્તિગત માલિકીને એક પવિત્ર વસ્તુ માને છે. મને લાગે છે કે એવું માનવું અજ્ઞાનભર્યું છે. એક વ્યક્તિ ઇસામસિહ પાસે શિષ્ય બનવા આવ્યો, તો ઈસુએ કહ્યું : 'તારી પાસે જે કંઈ સંપત્તિ છે તે ગરીબોમાં વહેંચી દે અને બધું છોડીને મારી પાસે આવી જા.' એનો અર્થ શો ? શું એવો થશે કે પ્રાઇવેટ પ્રૉપર્ટી પવિત્ર વસ્તુ છે ? તમે તમારી મિલકત સમાજ માટે છોડી દો એમાં શી હરકત છે ? તે માટે બાઈબલ વાંચવાની જરૂર નથી. કોઈ પણ ધર્મ સ્વેચ્છાપૂર્વક કરેલા ત્યાગની વિરુદ્ધ ન હોઈ શકે.

તેથી ખાનગી માલિકીને આગળ ધરવી અનુચિત છે. હા, કોઈ મિલકત છીનવીને વહેંચતું હોય તો તે ખોટું થશે, પણ વિચારવાની વાત એ છે કે સમાજમાં કોઈ એકાદ વ્યક્તિ વધુ પરિગ્રહ કરી બાકીના આખા સમાજને ભૂખે મારે, તો એવી હાલતમાં અમે માનીએ છીએ કે સમાજનો અધિકાર છે કે તેવી વ્યક્તિની મિલકતનો એક હિસ્સો સમાજના હિત માટે લેવામાં આવે. તેનું જ નામ છે અપરિગ્રહ અને અસ્તેય. પરિગ્રહ એટલે વધુ સંગ્રહ ન કરવો અને અસ્તેય એટલે ચોરી ન કરવી. આ બન્ને મળીને ધર્મ પૂર્ણ બને છે. ચોરીનું મૂળ કારણ સંગ્રહ છે. એને કાયમ રાખીને ચોરી દૂર નહીં થાય.

જમીન પર સહુનો હક

જમીન ઈશ્વરની દેણ છે. તેના પર માણસોનો જ નહીં, પશુ-પંખીનો પણ અધિકાર છે. ભારતનો ગરીબ ખેડૂત પણ આ વિચાર માને છે. એક વારુ હું સવારે ફરવા નીકળેલો. એક ખેડૂત પંખીથી પાક રક્ષવા માચડા પર બેઠો હતો. સૂર્યોદયની વેળા હતી. મેં જોયું કે ખેડૂત તો હાથ પર હાથ ટેકવી બેઠો હતો અને પક્ષી ડૂંડા પરથી દાણા ચણતાં હતાં. મેં તેને પૂછ્યું કે કેમ તું પક્ષીને ઉડાડતો નથી ? તો તે તરત જ કહે : હમણાં સૂરજ ઊગી રહ્યો છે. આ રામપ્રહર છે. હમણાં થોડો વખત તેને ખાઈ લેવા દો. પછી ઉડાડીશ. ભારતની સભ્યતા કેટલી ઊંડી ઊતરી છે તેનું દર્શન ગરીબ ખેડૂતના આ જવાબમાં છે.

જે કોઈ ચાહે હવા, પાણી લઈ શકે છે. તેવી જ રીતે જમીન પણ સહુને મળવી જોઈએ. દોઢસો-બસો વર્ષ પહેલાં હિંદુસ્તાનમાં એવું જ હતું. ગામની કુલ જમીન ગામની હતી. કેટલાક ખેતી કરતા. કેટલાક સુથારી, લુહારી, કુંભારી, ચમારી કામ કરતા. તેમને પોતાના કામ માટે પૈસા નહોતા મળતા. કામ વધુ હોય, ઓછું હોય, ન હોય તોપણ ખેતઊપજનો અમુક હિસ્સો તેને મળતો. વધુ પાકે તો વધુ હિસ્સો અને ઓછું પાકે તો ઓછો હિસ્સો તેને મળતો. આમ, ગામમાં સુખ-દુ:ખમાં તે ભાગીદાર ગણાતો.

આનો અર્થ એ થયો કે જમીન સહુની ગણાતી. થોડા લોકો ખેતી કરતા તેથી જમીન તેમની એવું નહોતું, પણ આજકાલ તો જમીનમાલિકોની જમીન ગણાય છે. તેથી સામ્યવાદીઓ તેની વિરુદ્ધ કહે છે, ખેડે તેની જમીન. પરંતુ

# વિનિયોગ સમાચાર

જમીન સહુની છે તે વાત બધાના ધ્યાનમાં નથી આવી. જમીન ખેડે તેની, એમ કહેવું ખોટું છે. સરળતા ખાતર કેટલાક ખેતી કરશે અને બીજા કેટલાક બીજા સારા કામધંધા, પણ થોડા લોકો ખેતી કરતા નથી તેથી જમીન તેમની નથી એમ ન કહી શકાય. બાબાના વિચારમાં અને સામ્યવાદી કે મૂડીવાદી લોકોના વિચારમાં અંતર છે. માની લો કે કોઈ ગામમાં જમીન વધુ છે અને કામ કરનારા લોકો ઓછા છે. બાજુના ગામમાં જમીન ઓછી છે અને કામ કરનારા વધુ છે, તો ત્યાંના લોકોને અહીં જમીન આપવી પડે કેમ કે જમીન સહુની છે. જો આ વિચાર સમજાશે તો સમાજનો નૈતિક સ્તર ઊંચે ચઢશે અને એકંદરે આર્થિક ઉન્નતિનો માર્ગ ખૂલી જશે.

ભૂમિ સહુની માતા

માતૃપ્રેમની વાતો આપણે બહુ કરીએ છીએ. તેનાં ગીતો પણ ગાઈએ છીએ, પણ તેના ઊંડા અર્થનો અનુભવ મને મેવ લોકો સાથેની વાતમાં થયો, એની પહેલાં નહોતો થયો. જેને ત્યાં જમીન મળી જતી હતી તેઓ ખૂબ રાજી થતા હતા! જેમને નહોતી મળતી તેને બીજે વધુ સારી જમીન આપવાની વાત આવે તોપણ તેમને સંતોષ નહોતો થતો, તેઓ દુઃખી થઈ જતા. એમને પોતાના વતનની, પોતાની માતૃભૂમિ વિશે આટલો ગાઢ પ્રેમ હતો. તેઓનાં ઘર મેં જોયાં છે – પડી ગયેલાં મકાન, મામૂલી જમીન, તો ય ફરીથી મેળવીને એમને અપાર આનંદ થતો હતો.

વતન વિશે આટઆટલો પ્રેમ શિક્ષિત વર્ગમાં ઓછો જોવા મળે છે. મેવ જમીન ખેડે છે, તેની સેવા કરે છે. તેથી ત્યાંની માટી, ત્યાંના વૃક્ષો, ત્યાંના કાંકરા-પથરા એ તમામ પ્રત્યે એમને પ્રેમ થઈ આવે છે. તેઓ કવિ નથી, તેથી શબ્દોમાં પોતાનો ભાવ પ્રગટ નથી કરી શકતા. માતાને પોતાનાં બાળકો પ્રત્યે જે પ્રેમ હોય છે તેને તે શબ્દોમાં પ્રગટ નથી કરી શકતી. મેવોનો એવો જ પ્રેમ મેં જોયો છે. મને તે બહુ સારું લાગ્યું.

મેં જોયું છે એ અશિક્ષિત લોકોમાં કેટલો ઊંડો સદ્‌ભાવભર્યો પડ્યો છે. આમ તો તેઓ મુસલમાન છે અને મુસલમાનને નાતે તેઓના નમાજ વગેરેના કાર્યક્રમો ચાલતા હોય છે. એમને માલૂમ છે કે અલ્લાહ સર્વત્ર છે, પરંતુ તેઓના એવા હાલ છે કે પોતાની જમીન પર જ્યાં સુધી તેઓ નમાજ ન પઢે ત્યાં સુધી તેમને સંતોષ નથી થતો. માનો કે પોતાનાં એ વૃક્ષોની નીચે પરમેશ્વરનાં તેઓને દર્શન થાય છે!

જમીન માત્ર ઉત્પાદનનું સાધન છે, પરમેશ્વરની ભક્તિનું પણ સાધન છે. આ વાત હું જાત અનુભવથી કહી રહ્યો છું. ઈશ્વરની ભક્તિનાં વિવિધ સાધનો જપ, તપ, ધ્યાન, જ્ઞાન વગેરેનો મને પણ થોડો ઘણો અનુભવ છે, પરંતુ એ બધાં સાધનોથી ઈશ્વરભક્તિ જેટલી થાય છે, માણસના વિકાર શમન માટે જેટલી મદદ મળે છે તેનાથી વધુ મદદ જમીન પર પરિશ્રમ કરવાથી મને ખુલ્લી હવામાં કોદાળીથી કામ કરવામાં મળે છે. જમીનની સેવા ઈશ્વર-ભક્તિનું સર્વોત્તમ સાધન છે. એ સાધનથી કોઈને પણ વંચિત ન કરીએ.

જમીનના ટુકડા ભલે થાય, દિલના નહીં

કેટલાક લોકો કહે છે કે તમે કટ્ઠા-કટ્ઠા (વીઘાનો વીસમો ભાગ) ભૂદાન લો છો તો તેથી તો જમીનના ટુકડેટુકડા થઈ જશે, પરંતુ આજે તો દિલોના ટુકડા થઈ રહ્યા છે તે શું તમને સારું લાગે છે? આજે દિલ તૂટી રહ્યાં છે. જો દિલ જોડાશે તો જમીન તો આસાનીથી જોડાશે. એક વાર ગરીબોને જમીન દેવાશે પછી એમને સમજાવવું અઘરું નહીં લાગે કે 'સહકાર કરો.'

કેટલાક લોકો કહે છે કે જમીનના નાના-નાના ટુકડા કરવાથી ખેત-ઉત્પાદન ઘટે છે. અમે કહીએ છીએ કે તમે ખેતીકામ કર્યું નથી, અમે વર્ષો સુધી કર્યું છે. અનુભવ છે કે નાના ટુકડામાં ઉત્પાદન વધે છે.

ચર્ચા કરનારાઓએ અનઇકોનોમિક હોલ્ડિંગ (આર્થિક રીતે ન પરવડે તેવો જમીનનો ટુકડો) અને ઇકોનોમિક હોલ્ડિંગની દલીલો રજૂ કરી છે. તે પ્રશ્ન બળદને કારણે ઊભો થયો છે, કારણકે બળદની જોડી ૨૦ એકરથી ઓછી જમીન પર ન પોષાય. હું કહું છું કે ચાર પરિવાર મળીને બળદની જોડી રાખી ખેતી કરી શકે છે એટલો સહયોગ કરવાનું તેઓ જાણે છે.

નાના ટુકડામાં વધુ ઉત્પાદન મળે કે મોટામાંથી એવી નાહકની ચર્ચા શાને કરો છો? એ તો અર્થશાસ્ત્રની સાવ સામાન્ય બાબત છે કે નાના કે મોટા, જે ટુકડામાંથી વધુ ઊપજ મળે તેવા ટુકડા બનાવીશું. દિલ જોડવાથી વધુ ઉત્પાદન થાય છે, નાના કે મોટા ટુકડાથી નહીં. પરિશ્રમથી અધિક ઉત્પાદન થાય છે એ મારો પોતાનો અનુભવ છે. દુનિયાભરમાં પણ નાના ટુકડામાંથી અધિક ઉત્પાદન મળે છે તેવો અનુભવ છે. ''એબસન્ટી લેન્ડ લૉર્ડ''ની વાતો તમામ જાણે છે. માટે અર્થશાસ્ત્રના આ મામૂલી સવાલો ના ખડા કરો. અમારું મૂળ કામ ક્રાંતિનું છે, જેથી સમાજમાં મૂલ્યપરિવર્તન થાય.

જમીન ત્યાગીને ભોગવો

આપણે સત્ય-વિચારના પાયા પર સમાજરચના કરવા ઇચ્છીએ છીએ. ભગવાને આપણને બુદ્ધિ, શક્તિ અને સંપત્તિ આપેલ છે, તે સમાજની સેવા કરવા આપી છે. તેને જાતે જ ભોગવવું ઉચિત નથી. સમાજને સમર્પિત કર્યા બાદ જ તેનો ઉપયોગ કરી શકીએ. આ પાયાની ભાવનાને આપણે ફેલાવવી છે અને તેના આધાર પર સમાજરચના કરવી છે. આ કંઈ નવો વિચાર નથી. ઉપનિષદોએ આ વાત કહી છે : તેન ત્યક્તેન ભૂંજીથા :... અર્થાત્ આ સમસ્ત જગત ઈશ્વરમય છે. તેને સમર્પીને પ્રસાદરૂપે જે મળે તેને ભોગવવું. આનાથી વિશેષ સંદેશ બીજા કોઈ શાસ્ત્રમાં નથી.

– વિનોબા

(સાભાર : ભૂમિપુત્ર, તા.૦૧-૦૧-૨૦૧૪)

# વિનિયોગ સમાચાર

## ભારતમાં વધતા જતા કેન્સર રોગના મૂળમાં

ભારતમાં ત્રણ–ચાર દાયકા પહેલાં કવચિત થતો અને કોઈક દૂર દૂરની વ્યક્તિને થયેલ સંભળાતો કેન્સરનો રોગ હવે દરેક પરિવારમાં પેઠો છે. કેન્સર થવાના સામાન્ય કારણો – તંબાકુ અને ધુમ્રપાન સિવાયના અકળ કારણોસર પણ આ ભયંકર રોગ થયેલ જોવા મળે છે. સાદું જીવન જીવતા, નિર્વ્યસની, સદાચારી, ધાર્મિક વૃત્તિવાળા, ખાવા–પીવામાં શાકાહારી, જયણા માટે જાગૃત એવા લોકોને કેન્સર થયેલ જોવા મળે છે. આ રોગને હવે વયનો કે વ્યક્તિના સામાન્ય સ્વાસ્થ્યનો પણ બાધ નથી. કુમળી વયના બાળકો કે અદેખાઈ થાય તેવું સ્વાસ્થ્ય ધરાવતા વ્યક્તિને પણ અચાનક ત્રીજી કે ચોથી સ્ટેજનું કેન્સર હોવાનું જણાઈ આવે છે. દુનિયાભરમાં કેન્સરના કારણો અને ઉપચારની શોધ પાછળ અરબો રૂપિયા ખર્ચાય છે. બીજી શોધ પહેલીનું ખંડન કરે છે, ત્રીજી શોધ બીજી શોધનું ખંડન કરી પહેલીને સાચી ઠેરવે છે અને આ ભવાડો દાયકાઓથી ચાલુ છે. આ પ્રક્રિયામાં ‘ક્લિનિકલ રિસર્ચ’ ને નામે ત્રીજા વિશ્વના દેશોના હજારો કેન્સર રોગીઓ પર પ્રયોગો થાય છે – તેઓ માનવ નથી મનાતા, ‘સ્ટેટિસ્ટિક’નો માત્ર એક ‘નંબર’ મનાય છે.

આ બધો તમાશો જોતા જોતા કેન્સરને પ્રસરાવનારા મૂછમાં હસે છે. કેન્સરના ડૉક્ટરો, કેન્સરના દવા ઉત્પાદકો, કેન્સરની હૉસ્પિટલો, હોસ્પિટલના ઉપકરણો બનાવનારાઓ, આરોગ્ય વીમા કંપનીઓ – અને આ સહુ માટે ભાગે યૂરોપિયન અને અમેરિકન કંપનીઓ – આ બધાને બખ્ખા કરાવી આપનારાઓ બહારથી તો જગતના મોટામાં મોટા દાનેસરીઓનો અંચળો ધરાવતા ટ્રસ્ટો છે, જે અમેરિકામાં ‘ફાઉન્ડેશન’ તરીકે ઓળખાય છે.

આમાં ત્રણ સહુથી ખ્યાતનામ(!) ફાઉન્ડેશનો છે – ફોર્ડ ફાઉન્ડેશન, કાર્નેજી ફાઉન્ડેશન અને રૉકફેલર ફાઉન્ડેશન. આ ત્રણે ફાઉન્ડેશનોના (કુ)કર્મોની તપાસ કરીએ તો ગંભીર આંચકા અનુભવાય તેમ છે. વાચકોને કદાચ જાણ હશે કે વિશ્વનો સહુથી નામવંત પુરસ્કાર – નોબેલ પુરસ્કાર – માટે નાણા આપનારી કંપની વિધ્વંસક શસ્ત્રો બનાવનાર કંપની છે!

કેન્સર તરફ પાછા ફરીએ. કેન્સર રોગના મૂળમાં છે પ્રદૂષિત અન્ન – જેની પર તે અન્નના ઉપભોક્તાનો – તમારો કે મારો – કોઈ જ કંટ્રોલ નથી. એ અન્નના પ્રદૂષણના મૂળમાં છે ખેતીમાં રાસાયણિક ખાતરનો વપરાશ. રાસાયણિક ખાતર વાપરો તો ઝેરીલા રાસાયણિક જંતુનાશકોનો વપરાશ પણ અનિવાર્ય બને. આ બન્ને ઝેરોએ ભારતના ખેતરોને બરબાદ કર્યા છે અને એ ખેતરોમાં થતી પેદાશો – અન્ન, શાકભાજી, ફળો ઇત્યાદિ વાપરનારા લોકોને કેન્સરગ્રસ્ત કર્યા છે.

એક પ્રતિષ્ઠિત હિંદી માસિક – ‘વિવેક’ના ફેબ્રુઆરી ૨૦૧૪ના અંકમાં ઉપરોક્ત ત્રણ ફાઉન્ડેશનો બાબત શ્રી રમેશ પતંગે લિખિત એક આંખ ઉઘાડનાર લેખ પ્રકાશિત થયો છે. તેમાં ભારતમાં ખેતીમાં રાસાયણિક ખાતર ઘુસાડવા બાબત એક ફકરો છે જે નીચે આપેલ છે.

भारत में रॉकफेलर फाउंडेशन ने १९५६ में एक रिपोर्ट प्रस्तुत की थी जिसमें उन्होंने कहा था कि भारत में कृषि का विकास ठप हो गया है और उसकी अवस्था बहुत दयनीय है। रॉकफेलर फाउंडेशन ने रासायनिक खाद का प्रयोग करके खेती की उत्पादन क्षमता बढ़ाने का आग्रह किया। रॉकफेलर फाउंडेशन ने अलग-अलग देशों में मका, गेहूं, चावल के बीजों पर अनुसंधान शुरु किया था। इन बीजों की उत्पादन क्षमता अधिक है ऐसी सलाह उनके द्वारा खड़े किये गये भारतीय विशेषज्ञों ने दी और इसी वजह से भारत में रासायणिक खेती शुरु हुई। इसके कारण विदेशी खाद कम्पनियों को बड़ा व्यापार करने का अवसर मिला और बीज निर्माण करनेवाली कम्पनियों का भी खूब फायदा हुआ।

છેલ્લા પાંચ દાયકામાં ભારતનું એકે એક ખેતર રાસાયણિક ખાતરથી પ્રદુષિત થયું છે. પ્રદુષિત અનાજ ખાવા અને તે ખાઈ કેન્સરગ્રસ્ત થવા માટે આ દેશની પ્રજા કર રૂપે સામેથી સરકારને પૈસા આપે છે જેમાંથી વરસે રૂા.૧,૨૫,૦૦૦ કરોડ રૂપિયા (આંકડો ફરીથી વાંચજો!) સરકાર રાસાયણિક ખાતર ઉત્પાદકોને સબ્સીડી રૂપે આપે છે!

છેલ્લા ૫–૭ વરસમાં સપાટી પર આવેલા કૌભાંડો તો આ રાસાયણિક ખાતર/ જંતુનાશક કૌભાંડની તુલનામાં કંઈ જ નથી. પણ છે કોણ સાંભળનાર?

– વિનિયોગ પરિવાર

### પં. પ્ર. બે. પારેખના લેખોમાંથી તારવેલ સોનેરી વાક્ય

રાષ્ટ્રવાદ આવે એટલે રાજા, રાજ્ય ઊડી જાય. પછી સમાજવાદ આવે એટલે પરદેશીઓની અઢળક સંપત્તિ દેશના ઉધ્ધારના નામે દેશમાં મોકલાય. પછી...
સામ્યવાદ આવે એટલે જેની પાસે સંપત્તિ વધી ગઈ તેની લૂંટ લેવાય. પછી...
સર્વોદયવાદ આવે એટલે તેનાથી ગરીબોને પણ મોટર–રેડિયો વગેરે મળે. પછી...
વિશ્વ શાંતિવાદ આવે તેનાથી બધી પ્રજા એક બને. હિંદુ પ્રજા, મોગલ પ્રજા એમ જુદી પ્રજા નહીં.

# વિનિયોગ સમાચાર

## શબ્દજાળ

ભારતના ભોળા પ્રજાજનો!

'લોકશાસન' અને 'વિકાસ' જેવા લોભામણા શબ્દોથી છેલ્લા ૬૫ વર્ષથી આ દેશની પ્રજા છેતરાતી આવી છે, અને નીચોવાતી રહી છે. દરેક પક્ષ પાસે પ્રજાને મૂર્ખ બનાવવા માટે આ ભ્રામક શબ્દોના રૂપમાં પ્રચંડ ઘાતક હથિયારો છે, જેના વડે પ્રજા ઉપર જનોઈવઢ ઘા કરતા આવ્યા છે, અને હજુ પણ કરી રહ્યા છે.

ભારતમાં લોકશાસન છે જ નહીં. જે પક્ષ બ્રિટિશરોએ ગોઠવી આપેલી ચૂંટણી પધ્ધતિ દ્વારા બ્રિટિશ સત્તાના સંચાલકો – મેનેજરો – તંત્રવાહકો તરીકે ગોઠવાય છે, તે પક્ષના મુઠ્ઠીભર માણસોની જ દેશની વિરાટ પ્રજા ઉપર ઠોકશાહી ચાલે છે, જેઓને બ્રિટિશ યોજનાઓને આગળ વધારવાનું કાર્ય સોંપાયું હોય છે.

તેવી જ રીતે 'વિકાસ' શબ્દ તો વધુ ભ્રામક છે. આજ સુધી પ્રજાએ પૂછ્યું નથી. હવે તો દરેક પક્ષને પૂછીએ. આ વિકાસ શબ્દથી શું અભિપ્રેત છે? આ દેશની પ્રજા તો મુખ્યત્વે એક જ વિકાસને ઓળખે છે: આધ્યાત્મિક વિકાસ. બીજા તમામ વિકાસો એના પૂરક હોય છે. જેવા કે આર્થિક વિકાસ, કૃષિ વિકાસ, સામાજિક વિકાસ, બૌધ્ધિક વિકાસ, શારીરિક વિકાસ, માનસિક વિકાસ, શૈક્ષણિક વિકાસ વિગેરે.

તમને વિકાસ શબ્દથી શું અભિપ્રેત છે. હકીકતમાં 'વિકાસ' શબ્દ જ છેતરનારો શબ્દ છે. જે અણવિકસિત હોય તેનો જ વિકાસ કરવાનો હોય. ભારતની પ્રજાએ આધ્યાત્મિક વિકાસના પેટામાં સર્વતોમુખી વિકાસ સાધેલો જ છે. તેનો બ્રિટિશરોએ શિક્ષિત કરેલા આ દેશી માણસો કયો વિકાસ કરવાના છે?

પહેલાં 'વિકાસ' શબ્દની ભારતની પ્રજાના હિતમાં અને ભારતીય સંસ્કૃતિના સંદર્ભમાં વિકાસની વ્યાખ્યા કરો. કુદરતે ઉગાડેલાં અને ઉછેરેલાં વૃક્ષોનો કચ્ચરઘાણ કાઢી રસ્તા પહોળા કરવા એ આર્ય સંસ્કૃતિના સંદર્ભમાં વિકાસ નથી. પ્રજાએ એવો વિકાસ માગ્યો પણ નથી. વિકાસના રૂડા રૂપાળાં નામ નીચે પ્રજા ઉપર જુલ્મની ઝડીઓ વરસાવાનું બંધ થાય તો સારું. પશ્ચિમના ઓટો ઉદ્યોગ માટે, અને પશુસંચાલિત વાહન વહેવાર બંધ પાડવા, તેવા પશુપાલકોની આજીવિકા પડાવી લેવા રસ્તાઓને પહોળા કરાય છે એ વિદ્વાનો સમજે છે.

ટૂંકમાં, વિકાસ એક ફટાટોપ છે. આ દેશની પ્રજાના હિતમાં આ વિકાસ છે જ નહીં. Day Light Robbery ની જેમ વિકાસ શબ્દ દ્વારા Day Light Fraud કરનારા આ દેશી મેનેજરોને પડકારવા કોઈ બહાર આવશે? ધર્મગુરુઓ એમનું મૌન ક્યારે તોડશે? અને સિંહનાદ કરશે?

**– અરવિંદભાઈ મણીલાલ પારેખ**